Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગુજરાતમાં અસહકારની ચળવળ અને ગાંધીજી

ડૉ. દલાભાઈ એચ. બોકા
આસિ. પ્રોફેસર (ઈતિહાસ વિભાગ), શ્રી. કે. આર. આંજણા આર્ટસ & કોમર્સ કોલેજ, ધાનેરા

ગાંધીજી ઇ.સ. ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહમાં સફળતા મેળવીને ભારત પાછા ફર્યા. તેમણે અમદાવાદમાં કોચરબમાં ૨૫ મે, ૧૯૧૫ના રોજ સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો. ત્યારથી ગુજરાતનાં રાષ્ટ્રીય ચેતના પ્રજ્વલિત થઈ. અમદાવાદમાં ૨૦,૨૧ ઓકટોબર, ૧૯૯૧ના રોજ મહંમદઅલી ઝીણાના પ્રમુખપદે પ્રાંતિક રાજકીય પરિષદ મળી ત્યારે લોકમાન્ય તિલકના આગમનથી લોકોમાં પ્રચંડ ઉત્સાહ પ્રગટ્યો હતો. ૧૯૧૭માં ગુજરાત સભાના પ્રમુખ તરીકે ગાંધીજી ચૂંટાયા અને કૃષ્ણલાલ દેસાઈ તથા ગણેશ વાસુદેવ માવળંકર તેના મંત્રીઓ તરીકે નિયુક્ત થયા. ગાંધીજીના આગમનથી પ્રજામાં એક નવી ચેતના આવી. સ્વ. આનંદશંકર ધ્રુવે યથાર્થ રીતે કહ્યું છે કે "નવો જમાનો ગાંધીજીનું બાળક છે." ગાંધીજી સ્વાતંત્ર્ય પ્રાપ્તિરૂપી ધ્યેયસિધ્ધિ કરવા ૧૯૨૧-૨૨, ૧૯૩૦-૩૨ અને ૧૯૪૨ની 'હિંદ છોડો' ની ચળવળોનું તેમણે સંચાલન કર્યું અને લડતના સેનાની તરીકે સમગ્ર દેશને માર્ગદર્શન આપ્યું.

આ ઉપરાંત, ગુજરાતના સ્થાનિક પ્રશ્નો જેવા કે વીરમગામની જકાતબારી, અમદાવાદના મિલમજૂરોનો પ્રશ્ન, ખેડા અને બારડોલીના ખેડૂતોના પ્રશ્નો, બોરસદના બહારવટિયા અને શિક્ષાત્મક દંડનો પ્રશ્ન વગેરે બાબતો અંગે સરકારની જુલમી નીતિનો અસહકારના શસ્ત્રો દ્વારા તેમણે સામનો કર્યો હતો. અને પ્રજાને વિજય અપાવ્યો હતો.[1]

**અસહકારની ચળવળ (૧૯૨૦)**:-ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ વિવિધ તબક્કાઓનું પ્રદાન છે. રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ તબક્કા હતા. તેમાં અસહકારની ચળવળ સીમા ચિન્હ રૂપ હતી. ગાંધીજીએ શરૂ કરેલી આ લડત ગુજરાતની ધરતી પર અને તેમાં ગુજરાતના નેતાઓના માર્ગદર્શન હેઠળ વિશેષ નોંધપાત્ર છે. આ ચળવળમાં ગુજરાતના તમામ વર્ગના લોકો, સ્ત્રીઓનો ફાળો વિશેષ હતો. ગુજરાત પ્રાંતિય સમિતિએ અમદાવાદમાં ભગુભાઈના પ્રમુખ પણા હેઠળ આ લડતનો ઠરાવ પસાર કર્યો હતો. ડિસેમ્બર માસમાં કલકત્તા અધિવેશનમાં આ ઠરાવ પસાર થયો હતો.

રાષ્ટ્રીય મહાસભાના આદેશ મુજબ ૧લી ઓગસ્ટ ૧૯૨૦ના રોજ આ લડત વિધિવત શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. આ દિવસે લોકમાન્ય તિલકનું અવસાન થયું હતું. આ દિવસે કોંગ્રેસના આદેશથી ગુજરાતની પ્રજાએ જડબેસલાક હડતાલ પાડી. અંગ્રેજ સરકાર આ હડતાલથી હેબતાઈ ગઈ. આ લડતનું મહત્વનું અંગ સાબરમત્તી આશ્રમ જે નાભી કેન્દ્ર સમાન હતું.[2]

**લડતના કારણો**:-

ઇ.સ.૧૯૧૫થી ૧૯૨૦ સુધી પૂરેપૂરા સહકારમાં રહેલા ગાંધીજીએ અસહકારી વલણ અપનાવ્યું. તેની પાછળ કેટલાંક

ચોક્કસ પરિબળો હતા. જેમાં રોલેટ એકટ, પંજાબનો અન્યાય અને જલિયાવાલાં બાગનો હત્યાકાંડ તથા ખિલાફત ચળવળ મુખ્ય હતી. આ ત્રણેય બનાવોથી ગુજરાતની પ્રજાએ સાથ અને સહકાર આપ્યો હતો.[3]

આ લડત દરમ્યાન કોંગ્રેસના ઠરાવ મુજબ આખી લડત બે ભાગમાં વહેંચાયેલી હતી.

(૧) રચનાત્મક પાસુ અને

(૨) નિષેધાત્મક પાસુ

**નિષેધાત્મક કાર્યક્રમ** :-

અહિંસક અને સત્યાગ્રહના માર્ગે અન્યાયી અને પ્રત્યાઘાતી પરિબળો સામે લડવાનો સંકલ્પ એટલે અસહકારનું નિષેધાત્મક પાસુ. આ નિષેધાત્મક પાસામાં ધારાસભાનો બહિષ્કાર, સરકારી શાળા-મહાશાળા, સરકારી અદાલતો, પરદેશી કાપડ, વડીલો, માન-પાન-ખિતાબો, સરકારી સમારંભો, મેળાવડા, સરકારી નોકરીઓ અને અન્ય ચીજો જેવી કે ખાંડ, ચા, કેરોસીન વગેરેનો બહિષ્કાર કરવાનો કાર્યક્રમ હતો.

**ધારાસભાનો બહિષ્કાર** :-

ઇ.સ. ૧૯૧૯ના કાયદા પ્રમાણે નવી ધારાસભાની રચના થવાની હતી. ઇ.સ. ૧૯૧૯ના કાયદા પ્રમાણે નવી ધારાસભાની રચના થવાની હતી. કોંગ્રેસે ઠરાવ કરી ધારાસભાની ચૂંટણીનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું. આ અંગે ગાંધીજીએ "નવજીવન" માં ગુજરાતની પ્રજા માટે લેખો લખી બહિષ્કારની ભૂમિકા રચી હતી.

આ અંગે લોકમત ઉભો કરવા સ્વયંસેવકોની ભરતી શરૂ કરી. આ સ્વયંસેવકો મતદારોને શાંતિથી ધારાસભાનો બહિષ્કાર કરવાનું સમજાવતા હતા. ગુજરાતમાં મતદાન બહિષ્કારમાં કેટલીક જગ્યાએ મતપેટીઓ ખાલી નીકળી. જે કંઇ મત પડ્યા તે સરકારી નોકરોના જ હતા. ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં પોતાને કશો જ વિશ્વાસ ન હોવાના ઠરાવો પણ થયા હતા. આમ, ધારાસભા બહિષ્કારમાં ગુજરાતની પ્રજાએ ગાંધીજીની અપેક્ષા પૂર્ણ કરી.

**વિદેશી કાપડનો બહિષ્કાર** :-

સ્વદેશી ભાવના જાગૃત કરવા આ લડત દરમ્યાન વિદેશી કાપડના બહિષ્કારને મહત્વ આપવામાં આવ્યું હતું. આ સ્વદેશી પ્રવૃતિ ગુજરાતમાં લગભગ પૂર્વે પ્રચારમાં હતી. ગુજરાતની પ્રજાએ વિદેશી કાપડનો બહિષ્કાર કેવી રીતે કરવો તે અંગે 'નવજીવન', 'યંગ ઇન્ડિયા', બોમ્બે ક્રોમિનલ, 'ગુજરાતી', સમાચાર માધ્યમો દ્વારા લોક જાગૃતિ ઉભી કરી હતી. પ્રતિજ્ઞાપત્રો, સભાઓ, વ્યક્તિગત મુલાકાતો દ્વારા લોકોને સમજાવવામાં આવતા.

પીકેટીંગની પ્રવૃતિ અહિંસક માર્ગે શરૂ કરી. આ પીકેટીંગની પ્રવૃતિમાં રવિશંકર મહારાજ, અબ્બાસ તૈયબજી મુખ્ય હતા. વેપારી મહાજનોએ ઠરાવ કરી વિદેશી કાપડ નહિ વેચવાનું ઠરાવેલું હતું.

સાથોસાથ ગુજરાતના દરજી પંચોએ વિદેશી કાપડ નહિ સીવવાના ઠરાવ કર્યા હતા. ઘરોમાં પડેલું વિદેશી કાપડ એકત્રિત કરી ઠેર ઠેર હોળીઓ કરવામાં આવતી હતી. આ બહિષ્કારમાં ગુજરાતની સ્ત્રીઓની શક્તિનું અસલ સ્વરૂપ જોવા મળ્યું.

**સરકારી કેળવણીનો બહિષ્કાર** :-

ગાંધીજી માનતા હતા કે દારૂના પીઠા ઉપરની આબકારી જકાતની આવકમાંથી સરકારી શાળા-મહાશાળા ચાલે છે. અને

એની કેળવણી ગુલામી માનસ પેદા કરે છે. તેથી આ સરકારી શિક્ષણ આપતી સંસ્થાઓનો બહિષ્કાર જ કરવો જોઈએ. જે શાળાઓ સરકાર સાથેનો છેડો ફાડી નાખતી તેનું નામ "નવજીવન' માં પ્રગટ કરવામાં આવતું હતું.

ગુજરાતની દેશી રાજ્યોમાં પણ સરકારી શાળાઓનો બહિષ્કારની પ્રવૃતિ વેગવતી બની હતી. ગુજરાતના પ્રાથમિક શિક્ષકો, માધ્યમિક શિક્ષકો અને કોલેજના અધ્યાપકોએ ત્યાગની ભાવનાથી રાષ્ટ્રીયતાના રંગે રંગાઈ એ બહિષ્કારમાં ભાગ લીધો હતો. સરકારી પેન્શન અને પગારની પરવા કર્યા સિવાય નોકરીઓનો ત્યાગ કર્યો હતો

**સરકારી અદાલતો અને વકીલાતનો બહિષ્કાર :-**

સરકારી અદાલતો અને વકીલાતના બહિષ્કારના મુદ્દાને ગુજરાતની પ્રજાએ ઉમળકાથી વધાવી લીધો. પ્રજા પોતાના પ્રશ્નો સરકારી અદાલતોમાં ન લઇ જતા. પંચ દ્વારા તેનો ચુકાદો મેળવે અને વકીલોએ સરકારી અદાલતમાંથી વકીલાત બંધ કરી.

આવી વકીલાત છોડનારામાં વલ્લભભાઈ પટેલ, કૃષ્ણલાલ દેસાઇ, ગણેશવાસુદેવ માવલંકર, કાળીદાસ ઝવેરી, મણીલાલ કોઠારી, ભોગીલાલ, મુન્શીરામ, વિઠ્ઠલભાઇ પટેલ, પાંડુભાઈ દેસાઈ, મોહનભાઈ અને મહાત્મા ગાંધીજી વગેરેએ વકીલાતનો ત્યાગ કર્યો હતો. શહેરમાં ભવ્ય મેળાવડો યોજયો હતો. આ બહિષ્કારના પરિણામે યુવાનોએ વકીલાતનો અભ્યાસ અને વ્યવસાયનો મોહ છોડી દીધો હતો. આ પ્રવૃતિના લીધે ગુજરાતમાં કુશળ કાર્યકર્તા સાંપડ્યા હતા.

**સરકારી ખિતાબો અને માન-પાનનો બહિષ્કાર :-**

સરકારી માન-પાન અને ખિતાબોનો ત્યાગ એ બહિષ્કારનો એક ભાગ હતો. સરકાર તરફથી ખિતાબ, ચંદ્રક વગેરે ઉપાધી ધરાવનારાઓએ જાહેરમાં ત્યાગ કરવો જોઇએ.

મહાત્મા ગાંધીજીએ સરકાર તરફથી મળેલા મેડલો અને ચંદ્રકો પરત મોકલી દીધા. તેમાં 'કેસરે હિન્દ'નો સુવર્ણ ચંદ્રક, વોલ મેડલ, બ્રોસર મેડલ, વાઇસ રોયને પરત મોકલું છું.[4] ગુજરાતમાં ઇલ્કાબધારીઓ અને માન-પાન ધરાવનારની સંખ્યા અલ્પ હતી. પ્રજામાં ઇલ્કાબોની કિંમત ઘટી ગઇ હતી. ખિતાબો ધરાવનારા દેશ સેવાના કાર્યમાં પોતાની જાતને પરોવી દીધી હતી.

**સરકારી સમારંભો અને મેળાવડાઓનો બહિષ્કાર :-**

આ લડત દરમ્યાન ગુજરાતમાં સરકારી અમલદારો સમારંભો કે મેળાવડા ભૂલથી પણ યોજવાનું પસંદ કરતા નહિં. તેમ છતાં જો આયોજન થાય તો શાંત અને અહિંસક માર્ગે તેનો બહિષ્કાર કરવામાં આવતો. તેના સમાંતર રાષ્ટ્રીય કાર્યક્રમ કે સભાનું આયોજન થતું. લોકો ઉમંગથી હાજર રહેતા હતાં.

સુરતના કલેકટરે લાલપુરમાં આવા સમારંભનું આયોજન કર્યું. તેની સામે લોકોએ ૫૦ ફૂટ દૂર એક જાહેર સભા યોજી હતી. તેમાં 30000 વ્યક્તિઓ હાજર હતી. જ્યારે સરકાર દરબારમાં સરકારી નોકરો જ

હાજર હતાં. પેન્શનરો પણ આવા સમારંભમાંથી દૂર રહેતા હતાં.[5]

બહાર હાથ સૂતર વણવાનો કસબ બીજાઓને શીખવ્યો છે. આ નિરક્ષર પણ સંસ્કારી બહેન જ્યારે સાબ ચલાવતા ત્યારે તેમાં એટલાં લીન થતા કે, આમ તેમ જોવાની કે કોઈની સાથે વાત કરવાની પરવા પણ કરતા નહી.[6] ગાંધીજી વિજાપુરની ખાદી પ્રવૃત્તિને યશ અપાવે છે. સાથે સાથે ખાદી પ્રવૃત્તિમાં વિજાપુરના પ્રદાનની નોંધ પણ લે છે.

૩૧ જુલાઈ ૧૯૧૯ના રોજ ગાંધીજી વિજાપુરની મુલાકાતે આવ્યાં હતાં. ત્યારે ગંગાબહેનના હાથ કંતામણ કેન્દ્રની તેમણે ખાસ મુલાકાત લીધી હતી. આ ખાદીએ રચનાત્મક પ્રવૃત્તિનું એક અતિ અગત્યનું પાસું હતું.

**રાષ્ટ્રીય શિક્ષણ** :-

ઈ.સ. ૧૯૨૦-૨૧માં સમગ્ર રાષ્ટ્રમાં અંગ્રેજી શિક્ષણ આપતી શાળા મહાશાળાઓના બહિષ્કારની ઝૂંબેશ શરૂ થઈ. તેથી તેના વિકલ્પમાં રાષ્ટ્રીય શિક્ષણ આપતી રાષ્ટ્રીય શાળાઓ પણ શરૂ થવા લાગી.[7]

તે રાષ્ટ્રીય પ્રવાહથી ઉત્તર ગુજરાતમાં મોડાસા કેળવણી મંડળની ૩૦ નવેમ્બર ૧૯૨૦ના રોજ મળેલી સભાએ ઠરાવ કર્યો કે 'ગુજરાત રાજકીય પરિષદ તથા કલકત્તા ખાતે મળેલી કોંગ્રેસે કરેલા અસહકારના ઠરાવને માન આપીને તથા તે સબંધમાં મોડાસાના હિંદુ-મુસલમાન ભાઈઓએ કરેલા ઠરાવને ધ્યાનમાં લઈને તથા કેળવણીના સબંધમાં રાષ્ટ્રીય કેળવણીનો વિકાસ સ્વતંત્રપણે થઈ શકે તે સારુ શાળાના સરકારી કેળવણી ખાતા સાથેનો સંબંધ બંધ કરવો અને સરકારી મદદ લેવી બંધ કરવી. આમ, મોડાસાની 'એંગ્લો વર્નાકયુલર સ્કૂલ' ને 'વિનય મંદિર'માં ફેરવી નાખીને સાબરકાંઠાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ આપવાની જોગવાઈ કરવામાં આવી. પરંતુ સરકારે તરત જ શાળાની ગ્રાન્ટ બંધ કરી દીધી. તેમ છતાં વિનય મંદિરે પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી.[8]

ઈ.સ.૧૯૨૨માં મોડાસાના વિનય મંદિરમાં કેળવણી પામીને કેટલાંક વિદ્યાર્થીઓ ગુજરાત વિદ્યાપીઠની 'વિનીત'ની પરીક્ષામાં બેઠા હતાં. વિનય મંદિરમાં પૂનમચંદ દોશીના પ્રયત્નોથી ૭૦ રેટિયા ફરતા થયા હતાં. આમ, વિનય મંદિરની પ્રવૃત્તિઓ વિકસી રહી હતી. પરંતુ સરકારી ગ્રાન્ટ બંધ થતાં વિનય મંદિરને સતત નાણાંભીડ રહેતી હતી. તેથી ઈ.સ. ૧૯૨૧-૨૨ માં ગુજરાત વિદ્યાપીઠે તેને રૂપિયા ૨૫૦૦ ની મદદ કરી હતી.

પરંતુ ગુજરાત વિદ્યાપીઠના નિયમ મુજબ શાળા સમયનો ત્રીજો ભાગ ફરજિયાત રેંટિયા શિક્ષણ પાછળ આપવાનું યોગ્ય ન લાગતા વિનય મંદિરના સંચાલકોએ ગુજરાત વિદ્યાપીઠની મદદ લેવાનું બંધ કર્યું હતું.

વિનય મંદિરે પણ ૧૯૨૫માં વિદ્યાપીઠ સાથેનો સંબંધ પૂરો કરી, મુંબઈ યુનિવર્સિટી સાથે જોડી દેવામાં આવી. આમ, સરકારી શાળાઓનો ત્યાગ કરી રાષ્ટ્રીય શાળાઓ શરૂ કરી.

<u>પાદટીપ</u>


1. રાજગોર (ડૉ.) શિવપ્રસાદ બી.– 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ,' છઠ્ઠી આવૃત્તિ, અમદાવાદ પૃ. ૨૦૪,
2. ગાંધી મોહનદાસ ક.-"સત્યનાં પ્રયોગો'", (આત્મકથા), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૯૦૩, પૃ.૩૯૯.
3. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર અને પરીખ પ્રવિણચંદ્ર ચિમનલાલ - "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ", ગ્રંથ-૯, આઝાદી પહેલા અને પછી, ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ - ૧૯૮૭, પૃ. ૩૬.
4. ગાંધી મોનદાસ ક. - પૂર્વોક્ત, પૃ.૫૦૧.
5. દેસાઈ નારાયણભાઈ- "ગુજરાતનાં સત્યાગ્રહ આંદોલનો", ગુજરાત એક દર્શન, ખંડ-૧, અમદાવાદ - પૃ.૨૧૪.
6. દેસાઈ (ડૉ.) મહેબૂબ – "ગુજરાતની સ્વાતંત્ર્ય સાધના (છ જિલ્લાઓના સંદર્ભમાં)", ડૉ. મહેબૂબ દેસાઈ, ભાવનગર, - ૨૦૦૧, પૃ. ૧૮૯.
7. ગાંધી મોહનદાસ ક. -પૂર્વોક્ત, પૃ.૪૨૧.
8. ચૌધરી વિષ્ણુભાઈ એસ. – 'સાબરકાંઠાના સ્વાતંત્ર્ય સેનાનીઓનું ભારતની આઝાદીની ચળવળમાં પ્રદાન', લઘુશોધ નિબંધ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ-૨૦૧૨, પૃ.૬૪.